**<u>પાટણના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પાટણ.</u>**

**ફોજદારી કેસ નં.૬૨/૨૦૨૬**
**આંક–૦૭**

**ફરીયાદી :–** ગુજરાત સરકાર વતી, કુ. એમ.એમ. કથીરીયા
સરકારી શ્રમ અધિકારી અને બાળ અને તરૂણ શ્રમયોગી
(પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ અને ગુજરાત
નિયમો, ૧૯૮૧ અન્વયેના નિરીક્ષક, પાટણ (૩.૫.૩૦)
બ્લોક નં.૨, બીજો માળ, યુનિવર્સિટી રોડ, જિલ્લા સેવા સદન,
પાટણ, તા.જી.પાટણ

**વિરૂધ્ધ**

**આરોપી:–** શ્રી મયંકકુમાર પ્રવિણચંદ્ર ગાંધી
રળીયાત નગર સોસાયટી,બસ સ્ટેન્ડ પાસે,
તા.જી.પાટણ.

---

**ગુનો :– બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન)
અધિનિયમ–૧૯૮૬ની કલમ–૧૪(૩)(ડી) મુજબ**

---

## –:: <u>ઠ રા વ</u> ::–

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે::–

તા. ૧૪–૧૦–૨૦૨૫ ના રોજ ફરીયાદીએ આરોપીની સંસ્થાની તપાસ કરતાં આરોપી સદરહું અધિનિયમ હેઠળ નીચે મુજબના ભંગો કરેલ છે. સંસ્થામાં નિરિક્ષણ સમયે નોટીસ બોર્ડ પર ઇંગ્લીશ અને સ્થાનિક ભાષામાં અધિનિયમના કલમ–૧૪ના સાર મુજબની સુચના પ્રદર્શિત કરેલ નથી. આથી અધિનિયમની કલમ–૧૨ નો ભંગ થાય છે. સંસ્થામાં નિરીક્ષણ દરમિયાન સંસ્થામાં કામ કરતા કિશોરો માટે નિભાવવાનું રજીસ્ટર રાખવામાં આવેલ નથી/ રજુ કરવામાં આવેલ નથી. આથી અધિનિયમના નિયમ ૪(૧)ની સાથે વાંચતા કલમ–૧૬ નો ભંગ કરેલ છે કિશોર શ્રમયોગીશ્રી સુરેશ રમેશભાઇ ભરવાડની અવધિ દર ત્રણ કલાકે એક કલાકના વિરામ કરતા વધી જાય છે. આથી અધિનિયમની કલમ ૭(૨) નો ભંગ કરેલ છે. વિરામ સહિત કિશોર શ્રમયોગીશ્રી સુરેશ રમેશભાઇ ભરવાડની કામની અવધિ છ કલાકથી વધુ સમયની છે. આથી અધિનિયમની કલમ ૭(૩) નો ભંગ કરેલ છે.કિશોર શ્રમયોગીશ્રીસુરેશ રમેશભાઇ ભરવાડની જન્મનું પ્રમાણપત્ર રજુ કરેલ નથી. આથી નિયમ ૧૭ ગુનો કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં ફરીયાદ તથા તેની સાથેના કાગળો ની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી તેઓની સામેનો ગુનો કબુલ કરવા માંગતા હોય અને તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપીની પ્લી રેકર્ડ કરતાં, આરોપીએ સ્વૈચ્છીક રીતે અને રાજીખુશીથી ગુન્હાની કબૂલાત કરેલ છે તેમજ આરોપીએ મૌખીક રજુઆત કરતાં જણાવેલ કે, તેમની આર્થીક પરીસ્થિતી સધ્ધર નથી તેમજ તેમની આ પ્રથમ ભુલ છે હવે પછી આવી ભુલ નહી થાય તેવી ખાત્રી આપી કાયદામાં દર્શાવેલ મહત્તમ દંડ કરવાને બદલે ઓછો દંડ કરવા વિનંતી કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વૈચ્છીક રીતે આરોપી ગુનો કબૂલ કરતો હોઈ, કબુલાત પુરસીસ રેકર્ડ ઉપર લેવામાં આવેલ .

**(૩)** આરોપી સામે બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ–૧૯૮૬ની કલમ–૧૪(૩)(ડી) મુજબનાં ગુન્હાનું તહોમત છે તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં તેમજ આરોપીની મૌખીક રજુઆત મુજબ તેમની આર્થીક પરીસ્થિતી સધ્ધર ન હોઈ તેમજ આ તેમનો પ્રથમ ગુનો હોઈ તેમજ ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાત્રી આપતા હોઈ આરોપીને કાયદામાં જણાવેલ મહત્તમ દંડના બદલે ઓછો દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેવું આ કોર્ટ માને છે. જેથી ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## –:: હુકમ ::–

આ કામના આરોપીને બાળ અને કિશોર મજુર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ–૧૯૮૬ની કલમ–૧૪(૩)(ડી) મુજબના ગુના માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે દોષીત ઠરાવી, આરોપીને **રૂા.૧૦,૦૦૦ /–અંકે રૂપીયા દસ હજાર પુરા**નો દંડ અને જો દંડની રકમ ભરપાઈ કરવામાં આરોપી નિષ્ફળ જાય તો દિન–૩૦ (ત્રીસ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ, **તા.૧૭મી,** માહે : **માર્ચ,** સને : **૨૦૨૬** ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ **:** પાટણ
તારીખ **:** ૧૭/૦૩/૨૦૨૬

**(નૌશાદ વી. પઠાણ)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
**(GJ–01413)**

**( S.I.PRAJAPATI )**